| 24 | # પ્રેરક પ્રસંગો |
|---|---|

**એક :** **સંકલિત**

પ્રથમ પ્રસંગમાં કોઈ પણ કાર્ય કરતી વખતે શ્રદ્ધા અતિમહત્ત્વની છે એ ભાવ રજૂ થયો છે. એક નાની બાળકી પણ જે શ્રદ્ધાથી પ્રાર્થના કરવામાં આવી છે એ આ પ્રસંગનું કેન્દ્રબિંદુ છે. મોટાઓને શ્રદ્ધા નથી, બાળકીને છે માટે એ છત્રી લાવી છે.

**બે :**

નાનકસાહેબના પ્રેરક પ્રસંગમાં જન્મથી નહીં પણ કર્મથી માણસ મહાન અને આદરપાત્ર બને છે એ ભાવના રજૂ થઈ છે.

**ત્રણ :**

ત્રીજા પ્રેરક પ્રસંગમાં રઘુનાથજી પુરુષોત્તમ પરાંજપેના પ્રસંગ દ્વારા દેશસેવા જ મુખ્ય ધર્મ છે. એ પ્રતિપાદિત કર્યું છે.

**ચાર :**

ચોથા પ્રેરક પ્રસંગમાં આંધળી વ્યક્તિના વ્યવહાર દ્વારા સ્ત્રીદાક્ષિણ્યની ઉજ્જવળ ભાવના વ્યક્ત થઈ છે.

---

(1)

એક ગામમાં લાગલગાટ ત્રણ વરસ વરસાદ ન પડ્યો. લોકો ત્રાસી ગયા. તેમણે ધર્મગુરુની સલાહ લીધી કે હવે શું કરવું ? ધર્મગુરુએ સલાહ આપી : ''ચાલો, આપણે સહુ પ્રાર્થના કરીએ.'' આખું ગામ પ્રાર્થના કરવા માટે એક મેદાનમાં ભેગું થયું. નાનાં-મોટાં, સ્ત્રી-પુરુષ સહુ આવ્યાં. એક નાની બાળકી પણ આવી. તે છત્રી લઈને આવી એટલે કોઈએ તેની મશ્કરી કરી, 'વરસાદનું ઠેકાણું નથી, અને જુઓ આ છોકરી તો છત્રી લાવી છે !'' ધર્મગુરુએ પણ પૂછ્યું : ''બેટા, છત્રી કેમ લાવી છે ?'' એટલે સાવ સરળતાથી પેલી બાળા બોલી : ''તમે જ શીખવો છો કે શ્રદ્ધા રાખશો, પ્રાર્થના કરશો તો વરસાદ આવશે અને આપણે શ્રદ્ધાપૂર્વક પ્રાર્થના કરવા જ આવ્યા છીએ એટલે વરસાદ તો આવશે જ ને ? તેથી ભીંજાઈ ન જવાય એટલે હું છત્રી લાવી છું !'' પ્રાર્થના તો આપણે સહુ કરીએ છીએ, પણ આવી પ્રબળ શ્રદ્ધારૂપી છત્રી લાવનાર કેટલા ?

(2)

નાનકસાહેબનો એક કિસ્સો છે. તેમના પછી ગુરુસ્થાને કોને મૂકવા તે વિચાર ચાલતો હતો. નાનકસાહેબે એક દિવસ પોતાના દીકરાને કહ્યું, ''બેટા, કોઢ બહુ ગંદી છે માટે જરા વાસીદું કરી આપ તો.''

ગુરુનો દીકરો ! સૂર્ય તપતો નથી પણ નીચે પડેલા પથરા તો તપી જાય છે. દીકરો તો છાણ-વાસીદું કરવા ન ગયો. નાનકસાહેબે પોતાના એક શિષ્ય અંગદ તરફ નજર કરી. તેણે માથે સૂંડલા ઉપાડી કોઢ સાફ કરી નાખી - છેલ્લો સૂંડલો લઈને જતો હતો ત્યાં નાનકસાહેબે પાસે જઈ પોતાના ઉપરણા વતી તેના મોં પરના છાણના રેગાડા લૂછી નાખ્યા ને પોતાની પાઘડી પહેરાવી દીધી ને કહ્યું, ''તું મારો વારસ.'' દીકરાએ વાંધો ઉઠાવ્યો ત્યારે કહે : ''આટલી કોઢનો મેલ તારાથી ન ઉઠાવાયો, તો મારા આટલા બધા શિષ્યોનો મેલ તું કેમ ઉઠાવી શકીશ ?''

(3)

રઘુનાથ પુરુષોત્તમ પરાંજપેજી કેમ્બ્રિજ વિદ્યાપીઠમાં ગણિતમાં પ્રથમ આવ્યા. પ્રતિભા જબરી. ચારે બાજુથી ભારે પગારે રોકવા માગ આવી. પરાંજપેજી એનાથી આકર્ષાયા વિના ભારતસેવક ગોખલેજીના ચરણે બેસી ગયા. 75 રૂપિયાના સામાન્ય વેતનથી ફર્ગ્યુસન કૉલેજના આચાર્ય બન્યા. તેમણે કહ્યું, ''દેશસેવા એ પ્રથમ ધર્મ છે. એમાં જેની પાસે ધન હોય તે ધન આપે. મારી પાસે વિદ્યા છે એટલે હું વિદ્યા આપીશ.''

(4)

એક સવારે ન્યૂયૉર્કની ભોંયગાડીમાં હું જતો હતો. ત્યાં એક આંધળા જુવાનને તેને દોરનાર કૂતરા સાથે મેં જોયો. ડબામાં હું તેની બાજુમાં જ ઊભો હતો. નજીકમાં બેસવાની એક જગ્યા ખાલી પડી કે તુરત મેં જુવાનને કહ્યું, ''ચાલો હું ત્યાં તમને દોરી જાઉં.'' તેણે મારો ખૂબ આભાર માન્યો અને મૃદુ અવાજે અણધાર્યો સવાલ કર્યો, ''આજુબાજુમાં કોઈ બહેનો ઊભેલી તો નથી ને ?''

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી / શબ્દાર્થ

**લાગલગાટ** સતત; **કોઢ** ગમાણ, ઢોરને બાંધવાની જગ્યા; **પ્રતિભા** વ્યક્તિત્વ; **સૂંડલો** ટોપલો; **ઉપરણું** ખેસ, ખભે નાખવાનું વસ્ત્ર; **વાસીદું** ઢોરનું છાણ, મૂતર વગેરે, પૂંજો; **પ્રબળ** બળવાન

### વિરુદ્ધાર્થી

**સરળ** કઠિન; **શ્રદ્ધા** અશ્રદ્ધા

### ભાષા-અભિવ્યક્તિ

- ''એક ગામમાં..... ભેગું થયું.''

પ્રસંગની શરૂઆત ધ્યાનથી વાંચો. તમે જોઈ શકશો કે અહીં (1) લગભગ દરેક વાક્યમાં નવી ઘટના સમાવી લેવાઈ છે, તેથી કથનમાં વેગ વરતાય છે. (2) જે કહેવું છે તે કશી આળપંપાળ વિના બરાબર કહી શકાયું છે. (3) ક્યાંય સુસ્ત કે બિનજરૂરી લંબાણવાળી ભાષા જણાતી નથી.

- ''..... ભારતસેવક ગોખલેજીના ચરણે બેસી ગયા.''

ગુજરાતી ભાષામાં ચરણ ચાંપવા, ચરણ પખાળવા, ચરણે પડવું જેવા રૂઢિપ્રયોગો છે. અહીં લેખકે ચરણે બેસી ગયા શબ્દપ્રયોગ કર્યો છે. એનો એક અલગ અર્થ અનુયાયી બની જવું એવો થાય છે જે તમે નોંધ્યું હશે.

## શિક્ષકની ભૂમિકા

(1)

નાની અમથી મુશ્કેલીમાં પણ ઈશ્વર તરફની શ્રદ્ધા ડગી જવાના પ્રસંગો અવારનવાર સાંભળવા મળે છે. પ્રબળ અને અતૂટ શ્રદ્ધા ધરાવનાર આ નાની બાળાનો પ્રસંગ શ્રદ્ધા કોને કહેવાય તે સમજાવતું શ્રેષ્ઠ ઉદાહરણ છે, તે વિશે વિદ્યાર્થીઓને સમજાવવું. શ્રદ્ધા પોતે જ મોટું બળ છે તે સમજાવવું.

(2)

'ગુરુની આજ્ઞા એટલે ઈશ્વરનો બોલ' તેવો વિશ્વાસ રાખનાર શિષ્ય અને એ વિશ્વાસને સાચો ઠેરવતા ગુરુનો આ કિસ્સો ગુરુ અને શિષ્યનાં લક્ષણોને ચરિતાર્થ કરે છે તે વાત વિદ્યાર્થીઓને સમજાવવી.

ભેદભાવ વિના યોગ્યતાને આધારે પદભાર (પદવી) આપવાની ગુરુની વિવેકબુદ્ધિ વિશે વિદ્યાર્થીઓને જ્ઞાત કરવા.

(3)

ઉમાશંકરના કાવ્ય - 'દેશ તો આઝાદ થતાં થઈ ગયો, તેં શું કર્યું ?' જેવા સંદર્ભો સાથે 'દેશસેવા એ પ્રથમ ધર્મ છે.' એ વાતને વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી દેશભાવના વધુ પ્રબળ બને તેવા પ્રયત્નો કરવા.

ટિળક, ગોખલે, પરાંજપે, સરદાર, ગાંધીજીના આવા પ્રસંગો રજૂ કરવા.

(4)

એક પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ પણ પોતે ખાલી થયેલી સીટ પર બેસતાં પહેલાં વિનમ્ર ભાવે આજુબાજુમાં કોઈ બહેનો ઊભી હોય તો પોતે સીટ પર બેસવાને બદલે ઊભેલી બહેન બેસે તેવી ઇચ્છા વ્યક્ત કરી સ્ત્રીદાક્ષિણ્ય દર્શાવે છે. વિદ્યાર્થીઓ સ્ત્રીઓને માન-સન્માન અને મહત્ત્વ આપે તે અંગે સમજાવવું. તેમજ આ પ્રકારની માણસાઈની કેળવણી અંગે ચર્ચા કરવી.

●